# ભારતનો 46 રનમાં વિંટો વાળ્યા પછી ન્યૂઝીલેન્ડની મજબૂત શરૂઆત

**મેટ હેનરીએ** 5 અને વિલિયમ ઓ'રર્કેએ 4 વિકેટ લઇ ભારતીય ટીમને 46 રનમાં ઓલઆઉટ કરી

**ન્યૂઝીલેન્ડે** ડેવોન કોનવેના 91 રનની મદદથી બીજા દિવસના અંતે 3 વિકેટે 180 રન બનાવ્યા



બેંગલુરુ, તા. 17 : વરસાદને કારણે અહીં ગઇકાલે બુધવારથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટનો પહેલો દિવસ ધોવાઇ ગયા પછી આજે ગુરૂવારે બીજા દિવસે રમત શરૂ થતાં ઝડપી બોલરો મેટ હેનરી અને વિલિયમ ઓ'રર્કેએ મળીને ભારતીય ટીમનો પ્રથમ દાવમાં માત્ર 46 રનમાં વિંટો વાળી દીધા પછી ન્યુઝીલેન્ડે ડેવોન કોનવેના 91 રનની મદદથી બીજા દિવસે સ્ટમ્પ સુધીમાં ત્રણ વિકેટે 180 રન બનાવી લીધા હતા. બેડ લાઇટને કારણે બીજા દિવસની રમત વહેલી બંધ થઇ ત્યારે રચિન રવિન્દ્ર 22 અને ડેરિલ મિચેલ 14 રને ક્રિઝ પર હતા અને ન્યૂઝીલેન્ડે 134 રનની સરસાઇ મેળવી લીધી છે.

વરસાદની વાતાવરણને કારણે ઝડપી બોલરોને અનુરૂપ કંડિશન વચ્ચે ભારતે ટોસ જીતીને દાવ લેવાનો નિર્ણય કર્યા પછી ભારતની વિકેટ ટપોટપ પડવા માંડી હતી અને માત્ર 31.2 ઓવરની રમતમાં ભારતીય ટીમ ઘરઆંગણે પોતાના સૌથી ઓછા સ્કોર 46 રનમાં ઓલઆઉટ થઇ હતી. ભારતીય ટીમ વતી ઋષભ પંતે 20 અને યશસ્વી જયસ્વાલે 13 રન કર્યા હતા, આ સિવાય કોઇ બેટ્સમેન બે આંકડે પહોંચી શક્યા નહોતા. તેમાં પણ વિરાટ કોહલી, સરફરાઝ ખાન, કેએલ રાહુલ, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિન શૂન્ય રને આઉટ થયા હતા. ભારતીય ઇનિંગ પુરી થયા પછી ન્યૂઝીલેન્ડે કોવવે અને ટોમ લાથમની જોડીએ મક્કમ શરૂઆત અપાવી હતી, લાથમ 15 રન કરીને આઉટ થયો હતો પણ કોનવેએ 91 રન કરવાની સાથે 33 રન કરનારા યંગ સાથે 75 રનની ભાગીદારી કરી હતી.

## પીચને પારખવામાં પોતાનાથી ભુલ થયાનું રોહિત શર્માએ સ્વીકાર્યું

**રોહિતે** પંતની ઇજા પર અપડેટ આપતા કહ્યું, તેના ઘૂંટણમાં સોજો છે પરંતુ આશા છે કે તે કાલે રમશે

બેંગ્લુરૂ, તા. 17 : ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના આજના બીજા દિવસના અંત પછી પ્રેસ કોન્ફરન્સમાં પોતાનાથી પીચને પારખવામાં ભુલ થઇ હોવાની નિખાલસ કબુલાત કરી હતી. રોહિતે કહ્યું હતું કે પીચ બાબતે એ મારું ખોટો નિર્ણય હતો. તેમે કહ્યું હતું કે ટીમ 46 રનમાં ઓલઆઉટ થઇ તેનાથી પીડા થઇ છે પરંતુ સાથે જ તેણે પીચને પારખવામાં ભુલ થયાની જવાબદારી પણ લીધી હતી. તેણે કહ્યું હતું કે મને લાગ્યું હતું કે પહેલા સેશન પછી પીચ ઝડપી બોલરોને મદદ નહીં કરે કારણકે પીચ પર વધુ ઘાસ નહોતું. પીચને યોગ્ય રીતે પારખી ન શકવાને કારણે પહેલા બેટિંગ કરવાનો મારો નિર્ણય ખોટો હતો. ભારતીય સુકાની રોહિત શર્માએ ખુલાસો કર્યો છે કે ઈજાગ્રસ્ત થયા બાદ ઋષભ પંતના ઘૂંટણમાં સોજો આવી ગયો છે પરંતુ તે આશાવાદી છે કે વિકેટકીપર બેટ્સમેન શુક્રવારે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે મેદાન પર પરત ફરશે. પંતને એ ઘુંટણમાં જ બોલ વાગ્યો હતો જેમાં કાર અકસ્માત પછી ઘણી સર્જરી થઇ હતી. પંતને સાવચેતીરૂપે પાછો બોલાવાયો હતો કારણ અમે કોઇ જોખમ લેવા માગતા નહોતા.

| ભારત પ્રથમદાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.એજાઝ બો.ઓ'રર્કે | 13 | 63 | 1 | 0 |
| રોહિત બો.સાઉથી | 2 | 16 | 0 | 0 |
| કોહલી કો.ફિલિપ્સ બો.ઓ'રર્કે | 0 | 9 | 0 | 0 |
| સરફરાઝ કો.કોનવે બો.હેનરી | 0 | 3 | 0 | 0 |
| પંત કો.લાથમ બો.હેનરી | 20 | 49 | 2 | 0 |
| રાહુલ કો.બ્લંડેલ બો.ઓ'રર્કે | 0 | 6 | 0 | 0 |
| જાડેજા કો.એજાઝ બો.હેનરી | 0 | 6 | 0 | 0 |
| અશ્વિન કો.ફિલિપ્સ બો.હેનરી | 0 | 1 | 0 | 0 |
| કુલદીપ કો.બ્રેસવેલ બો.હેનરી | 2 | 17 | 0 | 0 |
| બુમરાહ કો.હેનરી બો.ઓ'રર્કે | 1 | 3 | 0 | 0 |
| સિરાજ નોટઆઉટ | 4 | 16 | 1 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ (31.2 ઓવરમાં ઓલઆઉટ) | 46 | | | |

**વિકેટપતન :** 1/9, 2/9, 3/10, 4/31, 5/33, 6/34, 7/34, 8/39, 9/40, 10/46

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ટિમ સાઉથી | 6 | 4 | 8 | 1 |
| મેટ હેનરી | 13.2 | 3 | 15 | 5 |
| વિલિયમ ઓ'રર્કે | 12 | 6 | 22 | 4 |

| ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| લાથમ LB બો.કુલદીપ | 15 | 49 | 3 | 0 |
| કોનવે બો.અશ્વિન | 91 | 105 | 11 | 3 |
| યંગ કો.કુલદીપ બો.જાડેજા | 33 | 73 | 5 | 0 |
| રચિન રમતમાં | 22 | 34 | 2 | 0 |
| મિચેલ રમતમાં | 14 | 39 | 1 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (50 ઓવરમાં 3 વિકેટે) | 180 | | | |

**વિકેટપતન :** 1/67, 2/142, 3/154

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જસપ્રીત બુમરાહ | 10 | 4 | 23 | 0 |
| મહંમદ સિરાજ | 7 | 1 | 21 | 0 |
| રવિચંદ્રન અશ્વિન | 11 | 1 | 46 | 1 |
| કુલદીપ યાદવ | 12 | 1 | 57 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 10 | 0 | 28 | 1 |

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારતીય બેટિંગની મજાક ઉડાવી : શું 'ઓલ આઉટ 46' નવું 'ઓલ આઉટ 36' છે?

બેંગલુરૂમાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ટીમ ઈન્ડિયા 46 રનમાં ઓલઆઉટ થઈ ગયા બાદ સોશિયલ મીડિયા પર તેની મજાક ઉડાવાઇ રહી છે. જેમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને લગતી વેબસાઇટ, ક્રિકેટ.કોમ.એયુનું નામ પણ ઉમેરાયું હતું. આ વેબસાઇટે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ઓસ્ટ્રેલિયા સામેની 2020ની એડિલેડ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાના 36 રનમાં ઓલઆઉટ થવાની ઘટનાને યાદ કરાવીને લખ્યું હતું કે શું 'ઓલ આઉટ 46' નવું 'ઓલ આઉટ 36' છે?

## ન્યૂઝીલેન્ડની ઇનિંગ દરમિયાન વિકેટકીપર ઋષભ પંતને ઘુંટણ પર બોલ વાગતા સપોર્ટ સ્ટાફની મદદથી મેદાન બહાર ગયો



ભારતીય ટીમના વિકેટકીપર ઋષભ પંત બેંગલુરુ ટેસ્ટના બીજા દિવસે ન્યૂઝીલેન્ડની ઇનિંગ દરમિયાન વિકેટ કીપિંગ કરતી વખતે રવિન્દ્ર જાડેજાનો બોલ ઘૂંટણ નજીક વાગ્યો હતો. જેને પગલે પીડાથી તે જમીન પર સૂઈ ગયો હતો. પંતને એ જ ઘુંટણ પર બોલ વાગ્યો હતો, જેના પર કાર અકસ્માત પછી ઘણી સર્જરી કરવામાં આવી હતી. ફિઝિયોએ મેદાન પર આવીને પંતને તપાસ્યો પરંતુ તે ખૂબ જ પીડામાં દેખાતો હતો. આ પછી તે બે સપોર્ટ સ્ટાફના સહારે મેદાનની બહાર નીકળી ગયો હતો.

## વિરાટ કોહલી ધોનીને ઓવરટેક કરી સચિન પછી સર્વાધિક ઇન્ટરનેશનલ મેચ રમનારો બીજો ખેલાડી બન્યો

ટીમ ઈન્ડિયાનો સિનિયર બેટ્સમેન વિરાટ કોહલી આજે ગુરૂવારે બેંગલુરૂમાં ન્યૂઝીલેન્ડ સામે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં પ્રથમ દાવમાં શૂન્ય રને આઉટ હોવા છતાં, ભારત માટે તમામ ફોર્મેટ મળીને સૌથી વધુ ઇન્ટરનેશનલ મેચો રમવા મામલે મહેન્દ્ર સિંહ ધોનીને ઓવરટેક રરીને સચિન તેંદુલકર પછી બીજા નંબરનો ક્રિકેટર બની ગયો છે. કોહલીએ બેંગલુરૂ ટેસ્ટમાં મેદાન પર પગ મૂક્યો તેની સાથે તેણે 536મી ઇન્ટરનેશનલ મેચ રમી હતી, જ્યારે ધોનીએ 535 મેચ રમી છે. ભારત વતી સચિને સર્વાધિક 664 ઇન્ટરનેશનલ મેચ રમી છે અને તે વિશ્વમાં પણ એક રેકોર્ડ છે.

## વિરાટ કોહલીનો ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સર્વાધિક 38 વાર શૂન્યમાં આઉટ થવાનો રેકોર્ડ



ભારતીય ટીમના રન મશીન તરીકે પ્રખ્યાત વિરાટ કોહલી શૂન્ય પર આઉટ થયો હતો. આ સાથે તેણે એક અનિચ્છનીય રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. વિરાટ કોહલી સંયુક્ત રીતે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ડક માટે સૌથી વધુ વાર આઉટ થનારો સક્રિય ખેલાડી બની ગયો છે. તે ન્યૂઝીલેન્ડ સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 38મી વખત શૂન્ય રને આઉટ થયો હતો. આ શરમજનક રેકોર્ડમાં તેણે કિવી ટીમના અનુભવી ઝડપી બોલર ટિમ સાઉથીની બરાબરી કરી હતી. સાઉદી પણ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 38 વખત શૂન્ય પર આઉટ થયો છે.

### આઠ વર્ષ પછી ત્રીજા ક્રમે બેટિંગમાં આવેલો વિરાટ આ ક્રમે શૂન્યમાં પહેલીવાર આઉટ

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના આજના બીજા દિવસે વિરાટ કોહલી બેટિંગમાં આઠ વર્ષ પછી ત્રીજા ક્રમે ઉતર્યો હતો અને આ ક્રમે બેટિંગ કરતાં તે પહેલીવાર શૂન્ય રને આઉટ થયો હતો. આ પહેલા 2012થી અત્યાર સુધીમાં તે છ વાર ત્રીજા ક્રમે બેટિંગમાં ઉતર્યો હતો તેમાં તેનો સૌથી ઓછઓ સ્કોર 8 બોલમાં 3 રન હતો અને સર્વાધિક રન 60 બોલમાં 41 રન હતો.

**ટેસ્ટમાં ત્રીજા નંબર પર વિરાટનો રેકોર્ડ**

| રન (બોલ) | હરીફ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|
| 0(9) | ન્યૂઝીલેન્ડ | બેંગલુરુ | 2024 |
| 4(17) | વેસ્ટ ઈન્ડિઝ | ગ્રોસ આઇલેટ | 2016 |
| 3(8) | વેસ્ટ ઈન્ડિઝ | ગ્રોસ આઇલેટ | 2016 |
| 41(60) | ઓસ્ટ્રેલિયા | દિલ્હી | 2013 |
| 1(8) | ઓસ્ટ્રેલિયા | દિલ્હી | 2013 |
| 34(61) | ઓસ્ટ્રેલિયા | મોહાલી | 2013 |
| 14*(21) | ઈંગ્લેન્ડ | અમદાવાદ | 2012 |

### ભારતના 5 બેટ્સમેન ખાતું પણ ન ખોલાવી શક્યા, કીવી સામે 1999 પછી માત્ર બીજીવાર આવું બન્યું

ક્રિકેટના કિંગ તરીકે ઓળખાતો વિરાટ કોહલી શૂન્ય પર આઉટ થનાર પ્રથમ બેટ્સમેન હતો જ્યારે સરફરાઝ ખાન, કેએલ રાહુલ, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિન પણ કોઈ રન બનાવ્યા વિના પેવેલિયન પરત ફર્યા હતા. ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટમાં પાંચ ભારતીય શૂન્ય રને આઉટ થયા હોય તેવી આ માત્ર બીજી ઘટના છે. આ પહેલા 1999માં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી મોહાલી ટેસ્ટમાં પાંચ ભારતીય શૂન્ય રને આઉટ થયા હતા.

# બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ જીતથી 261 રન દૂર

**પ્રથમ** દાવમાં 75 રનની સરસાઇ મેળવનારું પાકિસ્તાન બીજા દાવમાં 221 રને ઓલઆઉટ થયું

**ઈંગ્લેન્ડને** મળેલા 297 રનના લક્ષ્યાંક સામે ત્રીજા દિવસના અંતે 2 વિકેટે 36 રન બનાવ્યા

મુલતાન, તા. 17 : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં પાકિસ્તાનના પ્રથમ દાવના 366 રન સામે ઈંગ્લેન્ડનો પ્રથમ દાવ 291 રને સમેટાતા પાકિસ્તાનને પ્રથમ દાવની 75 રનની સરસાઈ મળી હતી, જો કે ત્રીજા દિવસે ઈંગ્લેન્ડના સ્પિનર શોએબ બશીર અને જેક લીચે મળીને પાકિસ્તાની ટીમનો બીજો દાવ 221 રનમાં સમેટી દેતા ઈંગ્લેન્ડને આ ટેસ્ટ જીતવા માટે 297 રનના લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડે ત્રીજા દિવસના અંતે 2 વિકેટના ભોગે 36 રન બનાવી લીધા હતા અને સ્ટમ્પ સમયે ઓલી પોપ 21 અને જો રૂટ 12 રને રમતમાં હતા.

**પાકિસ્તાન પ્રથમ દાવ** 366
**ઈંગ્લેન્ડ પ્રથમ દાવ** 291

| પાકિસ્તાન બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| શફીક કો.સ્મિથ બો.શોએબ | 4 | 19 | 0 | 0 |
| અયુબ કો.પોપ બો.શોએબ | 22 | 39 | 1 | 0 |
| મસૂદ કો.પોપ બો.શોએબ | 11 | 18 | 1 | 0 |
| ગુલામ LB બો.લીચ | 26 | 39 | 5 | 0 |
| શકીલ LB બો.લીચ | 31 | 51 | 2 | 0 |
| રિઝવાન કો.રૂટ બો.કાર્સ | 23 | 43 | 2 | 0 |
| સલમાન કો.સ્ટોક્સ બો.કાર્સ | 63 | 89 | 5 | 1 |
| જમાલ બો.લીચ | 1 | 11 | 0 | 0 |
| નોમાન કો.સ્ટોક્સ બો.શોએબ | 1 | 3 | 0 | 0 |
| સાજીદ કો.સ્મિથ બો.પોટ્સ | 22 | 43 | 1 | 0 |
| ઝાહિદ નોટઆઉટ | 0 | 4 | 0 | 0 |
| વધારાના | 17 | | | |
| કુલ (59.2 ઓવરમાં ઓલઆઉટ) | 221 | | | |

**વિકેટપતન :** 1/9, 2/25, 3/43, 4/77, 5/114, 6/145, 7/150, 8/156, 9/221, 10/221

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જેક લીચ | 17 | 3 | 67 | 3 |
| શોએબ બશીર | 19 | 0 | 66 | 4 |
| જો રૂટ | 4 | 0 | 13 | 0 |
| બ્રેડન કાર્સ | 9 | 1 | 29 | 2 |
| મેથ્યૂ પોટ્સ | 5.2 | 0 | 19 | 1 |
| બેન સ્ટોક્સ | 5 | 1 | 13 | 0 |

| ઈંગ્લેન્ડ બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કાઉલી સ્ટ.રિઝવાન બો.નોમાન | 3 | 8 | 0 | 0 |
| ડકેટ સ્ટ.રિઝવાન બો.સાજીદ | 0 | 2 | 0 | 0 |
| પોપ રમતમાં | 21 | 30 | 2 | 0 |
| રૂટ રમતમાં | 12 | 26 | 1 | 0 |
| વધારાના | 0 | | | |
| કુલ (11 ઓવરમાં 2 વિકેટે) | 36 | | | |

**વિકેટપતન :** 1/1, 2/11

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સાજીદ ખાન | 6 | 0 | 27 | 1 |
| નોમાન અલી | 5 | 0 | 9 | 1 |

# મહિલા ટી-20 વર્લ્ડકપ : ઓસ્ટ્રેલિયાને હરાવી દક્ષિણ આફ્રિકા ફાઇનલમાં

**છ વારની** ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમનું આઠમીવાર ફાઇનલમાં જવાનું સપનું રોળાયું

દુબઈ, તા. 17 : મહિલા ટી-20 વર્લ્ડકપની આજે ગુરૂવારે અહીં રમાયેલી પ્રથમ સેમીફાઈનલમાં પહેલા ચુસ્ત બોલિંગ કરીને ઓસ્ટ્રેલિયાને 134 રન સુધી સિમિત રાખ્યા પછી દક્ષિણ આફ્રિકાએ એનેકે બોશની નોટઆઉટ 74 રનની આક્રમક ઈનિંગની મદદથી છ વખતની ચેમ્પિયન ઑસ્ટ્રેલિયન ટીમને આઠ વિકેટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ટી-20 વર્લ્ડકપમાં દક્ષિણ આફ્રિકાએ પહેલીવાર ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. 2023ની સિઝનની ફાઈનલ બંને ટીમો વચ્ચે રમાઈ હતી જેમાં ઓસ્ટ્રેલિયાનો 19 રને વિજય થયો હતો. પ્લેયર ઓફ ધ મેચ બોશની 48 બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાની નોટઆઉટ ઈનિંગની મદદથી દક્ષિણ આફ્રિકાએ 17.2 ઓવરમાં બે વિકેટે 135 રન બનાવીને આઠમી વખત ફાઈનલમાં પ્રવેશવાનું ઓસ્ટ્રેલિયન ટીમનું સપનું તોડી નાખ્યું હતું. 42 રન કરનારી કેપ્ટન લૌરા વોલવર્ટ અને બોશ વચ્ચે બીજી વિકેટ માટે 65 બોલમાં 96 રનની આક્રમક ભાગીદારીએ દક્ષિણ આફ્રિકાની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ પહેલા બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ ધીમી શરૂઆત કરનારી ઓસ્ટ્રેલિયન ટીમ પાંચ વિકેટે 134 રન જ બનાવી શકી હતી. હવે રવિવારે દક્ષિણ આફ્રિકાનો મુકાબલો ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી બીજી સેમીફાઈનલના વિજેતા સાથે થશે.

# ઋચા ઘોષને બોર્ડની પરીક્ષાને કારણે ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝ માટેની ટીમમાં સ્થાન ન મળ્યું

**ન્યૂઝીલેન્ડ** સામેની વન ડે સીરિઝ માટે પૂજા વસ્ત્રાકરને આરામ અપાયો જ્યારે આશા શોભના ઇજાને કારણે બહાર

નવી દિલ્હી તા. 17 : ન્યૂઝીલેન્ડની મહિલા ટીમ સામેની આગામી વન ડે સીરિઝ માટે જાહેર કરવામાં આવેલી ભારતીય ટીમમાં ઋચા ઘોષને સ્થાન મળ્યુ નથી, તેની પાછળનું કારણ એ છે કે તેણે પોતાને આ સીરિઝ માટે અનુપલબ્ધ ગણાવી હતી. 21 વર્ષિય ઋચા ક્રિકેટને કારણે પોતાના અભ્યાસ પર ધ્યાન આપવા માગે છે. જ્યારે ભારતીય મહિલા ટીમ ન્યૂઝીલેન્ડ સામે સીરિઝ રમતી હશે ત્યારે ઋચા 12માં ધોરણની બોર્ડની પરીક્ષા આપતી હશે. આશા શોભના અને પૂજા વસ્ત્રાકર પણ આ સીરિઝનો હિસ્સો નથી. પૂજાને આરામ અપાયો છે જ્યારે આશા ઈજાને કારણે આ સીરિઝમાં રમી નહીં શકે. બીસીસીઆઇ કહ્યું હતું કે ઋચા પોતાની 12માં ધોરણની પરીક્ષાઓને કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતી. આશા ઈજામાંથી બહાર આવી રહી હોવાથી પસંદગી માટે ઉપલબ્ધ નથી. જ્યારે પૂજાને આરામ અપાયો છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ વન ડેની સીરિઝ 24, 27 અને 29 ઓક્ટોબરે અમદાવાદના મોદી સ્ટેડિયમમાં રમાશે.

**ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ વન ડેની સીરિઝ માટેની ભારતીય ટીમ**

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ કેપ્ટન), શેફાલી વર્મા, ડી હેમલતા, દીપ્તિ શર્મા, જેમિમા રોડ્રિગ્સ, યાસ્તિકા ભાટિયા (વિકેટકીપર), ઉમા છેત્રી (વિકેટકીપર), સયાલી સતગરે, અરૂંધતિ રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, તેજલ હસબ્નિસ, સાઈમા ઠાકોર, પ્રિયા મિશ્રા, રાધા યાદવ, શ્રેયંકા પાટીલ

## સુડોકુ ૪૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૪ | ૯ | ૩ | ૧ | | | |
| | ૭ | | | | ૪ | ૩ | ૬ | ૯ |
| ૫ | | | | ૭ | | ૧ | ૪ | |
| | ૮ | | | ૬ | ૩ | ૭ | | ૨ |
| ૧ | ૨ | | ૮ | | ૫ | | ૩ | ૬ |
| | | ૬ | ૭ | | ૯ | ૮ | | |
| ૯ | | ૨ | ૩ | | | ૬ | ૭ | |
| ૬ | ૧ | ૫ | | | ૭ | ૪ | | ૩ |
| | | ૮ | | | | ૨ | ૯ | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઊલટી બંધ કરવા

હવે તો મકાઈ લગભગ આખું વરસ મળે છે. મકાઈના દાણા કાઢી લીધા પછી વળેલા ડૂંડા ને બાળી તેની રાખ ત્રણ ગ્રામ પાણી સાથે આપવી. ટન બંધી ડૂંડા નકામા જતા હશે કોઇ એના ક્ષાર ની ગોળી ન બનાવી શકે.

## શબ્દગુંફન - ૬૭૯૬

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. શિક્ષણ, તાલીમ (૩)
૪. મહેરબાની, દયા (૨)
૭. બીકણ (૪)
૯. લખવાનું કામ કરનારો (૩)
૧૦. થોડા વાળની સેર (૨)
૧૧. પવન (૨)
૧૨. રાજા (૨)
૧૩. એક જાતનું ભૂત (૨)
૧૪. નમેલું (૨)
૧૫. પવિત્ર (૨)
૧૬. ગુસ્સો, રોષ (૨)
૧૮. ભીડ, મેદની (૩)
૨૦. હોડી (૨)
૨૧. હવા (૨)
૨૩. રગ, વલણ (૨)
૨૫. કુસ્તીબાજ (૨)
૨૬. સાવ સહેલી વાત (૫)
૨૯. આનંદ, લહેર (૨)
૩૦. પાછું (૩)
૩૨. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૩૪. સહેજ, થોડુંક (૩)
૩૫. મૂળ ગામ કે દેશ (૩)
૩૬. દબાવવું, પીડવું તે (૩)

**ઊભી ચાવી**

૧. હિતેચ્છુ, હિતૈષી (૫)
૨. અંતરની ઉમેદ, મનોભાવ (૨)
૩. કબૂતર, હોલો (૩)
૫. લટકતા સાલ્લાનો છેડો (૩)
૬. જોડનાર (૪)
૮. વિદાયગીરી (૪)
૧૨. રાત્રી (૨)
૧૪. સરિતા, તટિની (૨)
૧૫. શુધ્ધ, પવિત્ર (૩)
૧૭. પ્રશ્ન (૩)
૧૯. પ્રથા, રિવાજ (૩)
૨૨. આદત, મહાવરો (૨)
૨૪. નજર, યાદદાસ્ત, ધ્યાન (૩)
૨૫. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૨૬. પરવાનગી (૨)
૨૭. ઇતિહાસ (૪)
૨૮. તપસ્યા (૨)
૨૯. હેત, સ્નેહ (૩)
૩૧. કૃપા, દયા (૩)
૩૩. શ્રીરામનો પુત્ર (૨)

## આજનું પંચાંગ

**તા. 18/10/2024, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** આસો
**તિથિઃ** સુદ : એકમ : 13:17
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 26
**નક્ષત્ર :** અશ્વિની: 13:27 **યોગઃ** વ્રજ,
**કરણ :** તૈતિલ
**રાશિ :** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:36 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:11
**નવકારસી :** 07:24
**પારસી વર્ષ :** 1394, ખોરદાદ માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, રબિઉલ આખર માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** , ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, , શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** કામકાજમાં નવી તક સાથે નવી યોજના બને. પ્રતિષ્ઠા વધે અને પ્રમોશન કે પગારવધારો થાય.
**વૃષભ (બ.વ.ઉ.):** યાત્રા-પ્રવાસમાં જૂના મિત્રો-સંબંધીઓની મુલાકાત થાય. મનગમતા સમાચાર મળે.
**મિથુન (ક.છ.ઘ.):** અણધારી સફળતા મળે. મિત્રો સાથે સામાજિક યોજના પાર પડે. વિદ્યાભ્યાસમાં મદદ મળે.
**કર્ક (ડ.હ.):** આવક વધે. અટકેલાં કામ પાર પડશે. નોકરીમાં અનુકૂળ સ્થાન ફેર થાય
**સિંહ (મ.ટ.):** જીવન સાથી સાથે તાલમેળ થી ધાર્મિક યાત્રા થાય. મનગમતા સામાજિક કામમાં યશ મળે.
**કન્યા (પ.ઠ.ણ.):** નોકરીમાં નવી જવાબદારી વધે. વિવાદથી બચવું. આરોગ્યનું ધ્યાન રાખવું પડશે.
**તુલા (ર.ત.):** નવી યોજનાથી રોજના કામમાં રાહત રહેશે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય.
**વૃશ્ચિક (ન.ય.):** આર્થિક ભીંસનો અનુભવ થાય. હિત શત્રુઓ ઉપાધિ પેદા કરે ખર્ચા વધશે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** પ્રેમમાં વિવાહની વાતનો પ્રસ્તાવ આવી શકે છે. વિજાતિય મિત્રોની મદદ મળે.
**મકર (ખ.જ.):** બહારના કામનો બોજ ઓછો થાય. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી.
**કુંભ (ગ.સ.શ.ષ.):** મિત્રોની મદદથી આધુનિક ટેકનોલોજીની જાણકારીથી લાભ થાય.
**મીન (દ.ચ.ઝ.થ.):** ખાણી - પીણીના ધંધામાં આર્થિક લાભ થાય. પારિવારિક પ્રશ્નો હલ થાય.

### કોઇ પણ સાલમાં 18 ઓક્ટોબર જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ નવા ફેરફાર અને નવી તકો પૂરી પાડનાર રહેશે. ચાલુ નોકરીમાં સ્થાન-ફેર કે પ્રમોશન થાય. નવા ધંધા, વ્યવસાયમાં આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. સંતાન અને વડીલોનો સાથ મળે તથા સંતાનોની પ્રગતિથી ઉત્સાહ વધશે.સમાજમાં યશ મળે અને ઉંમરલાયકને યોગ્ય સાથી મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. વિદેશનાં કામ પાર પડે. સામાજિક પ્રવૃત્તિ અને મદદની ભાવનાથી નવી સામાજિક જવાબદારી મળે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રો સાથે આવક વધારવાની યોજના વર્ષના મધ્યમમાં પાર પડે. વારસા-જાયદાદ, જમીનનાં કામ થાય. યાત્રા પ્રવાસ ધર્મકર્મ થાય. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં નવી નોકરીની યોજના પાર પડે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અશાંતિ વધશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### રેલવેએ રિઝર્વેશન...

એડવાન્સ રિઝર્વેશન માટેની ઓછી સમય મર્યાદા હાલમાં અમલી છે એમ બોર્ડના પરિપત્રએ જણાવ્યું હતું. વિદેશી પર્યટકો માટેની ૩૬૫ દિવસની સમય મર્યાદામાં પણ કોઈ ફેરફાર નહીં થાય. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૫ માર્ચ, ૨૦૧૫ના રોજ રેલવેએ એઆરપીનો સમય વધારીને ૬૦ દિવસ પરથી ૧૨૦ દિવસનો કર્યો હતો.

### નાગરિક ધારાની...

મનોજ મિશ્રા સીજેઆઈ સાથે સહમત થયા હતા અને કહ્યું હતું કે આવી જોગવાઈ અમલી બનાવવા માટે સંસદ વૈધાનિક પાત્રતા ધરાવે છે. જો કે જસ્ટિસ જે.બી. પારડીવાલા આ ચુકાદાની સાથે અસહમત થયા હતા જેમણે કલમ ૬એને ગેરબંધારણીય ઠરાવી હતી. તેમણે કહ્યું હતું કે બનાવટી દસ્તાવેજો વડે આ કલમનો દુરુપયોગ થવાની પણ શક્યતા છે. આ બહુમતિ ચુકાદાએ ઠરાવ્યુ હતું કે આસામમાં પ્રવેશ માટેની ૨૫ માર્ચ, ૧૯૭૧ની કટઓફ તારીખ અને નાગરિકતા પુરી પાડવી એ યોગ્ય છે.

આ રાજ્યમાં વિવિધ વંશીય જૂથોની વધુ હાજરીનો અર્થ એ નથી કે કલમ ૨૯(૧) પર તરાપ પડે છે. નાગરિકતા ધારાની કલમ ૬એની બંધારણીય વૈદ્યતા રદ કરવાની માગણી કરતી અરજીઓ બેન્ચે ફગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિકતા ધારામાં કલમ ૬એ ૧૯૮૫માં કેન્દ્રની રાજીવ ગાંધી સરકાર અને ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન(આસુ) વચ્ચે થયેલા આસામ કરાર પછી ઉમેરવામાં આવી હતી.

### ચીને ભૂટાનમાં...

નિષ્ણાતો અને સરકારોને આની જાણ થતાં પાંચ વર્ષ લાગી ગયાં.

આ રિપોર્ટમાં ઘણા નકશા પણ સામેલ કરવામાં આવ્યા છે, જેના દ્વારા ચીને કરેલા કબજા અંગે વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે ચીને આ 22 ગામોમાં 752 રહેણાક બ્લોક બનાવ્યા છે, જેમાં 2284 પરિવારો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિસ્તારોમાં અધિકારીઓ, નિર્માણકાર્યમાં રોકાયેલા કામદારો, સરહદી પોલીસ અને સેનાના લગભગ 7000 લોકોને વસાવવાની તૈયારીઓ છે. આ ગામોના નિર્માણ માટે ચીને ભૂટાનના લગભગ 825 ચોરસ કિમી વિસ્તાર પર કબજો જમાવ્યો છે.

ચીન ભૂટાનની નબળાઈનો ફાયદો ઉઠાવી રહ્યું છે. કારણ કે, થિમ્પુની નાની સેના અને નબળી સંરક્ષણ તૈયારીઓ પણ ચીનના ભૂટાનના પ્રદેશ પર કબજો જમાવવાનું મુખ્ય કારણ કહેવાય છે. ભૂટાન પાસે હાલમાં માત્ર 8000 સૈનિકો છે, જેમને સંરક્ષણ હેતુઓ માટે તૈનાત કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં શક્તિશાળી પાડોશીની સામે ભૂતાનની સ્વાયત્તતા જોખમમાં છે.

ભારત સાથેના તણાવ વચ્ચે ડોકલામ પઠાર કબજે કરવાથી ચીનને મોટો રાજદ્વારી ફાયદો થશે.

### સીજેઆઇ ચંદ્રચૂડે...

જેમાં તેમણે કહ્યું હતું ક આ સાધનો સલામત છે અને તેણે બૂથ કેપ્ચરિંગ અને બોગસ વોટિંગના દૂષણો નાબૂદ કર્યા છે. આ ઉપરાંત કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ને નાબૂદ કરવાના કેન્દ્રના પગલાને માન્ય રાખતો ચુકાદો આપનાર બેન્ચમાં તથા ઇલેક્ટોરલ બોન્ડ યોજનાને ગેરબંધારણીય જાહેર કરનાર પાંચ જજોની બેન્ચમાં પણ તેમનો સમાવેશ થતો હતો.

### બહરાઇચ હિંસા:...

નેપાળ કડી પણ પ્રસ્થાપિત થઇ છે. ડીજીપી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે જેઓની ધરપકડ થઇ છે તેમની ઓળખ ફહીન, સરફરાઝ અને અબ્દુલ હમીદ તરીકે થઇ છે જેમના નામ એફઆઇઆરમાં આરોપી તરીકે છે અને અન્ય બે તાલીક ઉર્ફે સબલુ અને મોહમ્મદ અફઝલ છે. કુમારના જણાવ્યા પ્રમાણે હત્યામાં વપરાયેલ શસ્ત્ર શોધવા માટે પોલીસ ટીમ આ જિલ્લાના નાનપરા વિસ્તારમાં ગઇ હતી ત્યારે તેના પર હમીદ, સરફરાઝ અને અફઝલે ગોળીબાર કર્યો હતો. વળતા ગોળીબારમાં સરફરાઝ અને તાલીમને ગંભીર ઇજા થઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બહરાઇચના મહારાજગંજમાં રવિવારે દુર્ગા વિસર્જન વખતે સરઘસમાં એક પૂજા સ્થળ નજીક મોટા અવાજે મ્યુઝિક વગાડવાના મામલે ધમાલ થઇ હતી અને તેમાં રામ ગોપાલ વર્મા નામના એક શખ્સની ગોળી ।રીને હત્યા કરવામાં આવતા હિંસા ફાટી નિકળી હતી. આ હિંસામાં કુલ દસ આરોપીઓ હોવાનું જણાવાયું છે જેમાંની ચારના નામ અપાયા છે જ્યારે બાકીના છ અજાણ્યા છે.

આ બનાવ પછી રાજકીય બોલાચાલી પણ ફાટી નિકળી હતી જેમાં સપા અને કોંગ્રેસે યુપી પોલીસની કામગીરીની પદ્ધતિ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો જ્યારે ભાજપે કહ્યું હતું કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે જેઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડે છે તેમની સાથે કડક હાથે કામ લેવામાં આવશે.

### મેરિટલ રેપ:...

વિવાહીત જીવન પર ગંભીર અસર કરશે અને લગ્ન સંસ્થામાં ગંભીર ખોરવણી થવાનું કારણ બનશે. એક અરજદાર તરફે ઉપસ્થિત થયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી કરૂણા નંદીએ દલીલો શરૂ કરી હતી અને કહ્યું હતું કે અદાલતે તે જોગવાઈઓ રદ કરવી જ જોઈએ જે ગેરકાયદે છે. એક અન્ય અરજદાર તરફે ઉપસ્થિત થયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી કોલિન ગોન્સાલ્વેઝે કહ્યું હતું કે ના નો અર્થ ના થાય છે. જો કોઈ મહિલા ના કહે તો તે ના છે. અને જો પરિણીત ગૃહમાં બળાત્કાર થાય તો પછી એફઆઈઆર નોંધાવી જોઈએ એમ તેમણે વધુમાં કહ્યું હતું.

## મહિલા ટી-20 વર્લ્ડકપની બીજી સેમીમાં આજે ન્યૂઝીલેન્ડનો સામનો વેસ્ટ ઈન્ડિઝ સાથે

શારજાહ, તા. 17 (પીટીઆઇ) : મહિલા ટી-20 વર્લ્ડકપમાં આવતીકાલે શુક્રવારે અહીં રમાનારી બીજી સેમીફાઇનલમાં જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમ આત્મવિશ્વાસથી ભરપૂર વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે ત્યારે તેમનું લક્ષ્ય પોતાનું શાનદાર ફોર્મ જાળવી રાખવાનું રહેશે.

ન્યૂઝીલેન્ડે આ ટૂર્નામેન્ટમાં ભારત અને શ્રીલંકા જેવી ટીમોને હરાવીને ગ્રુપ-એમાંથી અંતિમ ચારમાં જગ્યા બનાવી છે. ટુર્નામેન્ટ પહેલા દસ મેચ હારી ચૂકેલી ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. સોફી ડિવાઈને તેના અનુભવનો ભરપૂર ઉપયોગ કર્યો છે. આ સિવાય જ્યોર્જિયા પ્લિમર અને અનુભવી સુઝી બેટ્સ શાનદાર ફોર્મમાં છે જ્યારે એમેલિયા કેરે 10 વિકેટ લેવાની સાથે 85 રનનું યોગદાન પણ આપ્યું છે.રોઝમેરી માયરે યુએઈની ધીમી પીચો પર સાત વિકેટ લીધી છે. આ તરફ ગ્રુપ બીમાં ટોચના સ્થાને રહેલી કેરેબિયન ટીમ માત્ર એક મેચ હારી હતી. વેસ્ટ ઈન્ડિઝે ઘરઆંગણે 2018 આયોજિત કરેલી ટૂર્નામેન્ટ બાદ પ્રથમ વખત સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.